ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# કોંગ્રેસને ફટકા પર ફટકા

## ૨૪ કલાકમાં બે ધારાસભ્યોએ કેસરીયા ધારણ કરતાં કોંગ્રેસ માટે મરણતોલ ફટકો : આદિવાસી બેલ્ટમાં કોંગ્રેસને મોટુ ગાબડુ

ગાંધીનગર, તા. ૯

ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ રાજકીય ઉત્તેજના વધતી જાય છે. કોંગ્રેસમુક્ત અભિયાન જાણે વેગીલુ બની ગયુ હોય તેમ છેલ્લા ૨૪ કલાકમાં બે ધારાસભ્યોએ પક્ષને રામ રામ કરી કેસરીયો ધારણ કરતા હડકંપ મચી ગયો છે. ગઈકાલે સાંજે કોંગ્રેસના વરીષ્ઠ નેતા અને પાંચ દાયકાથી વિવિધ પદો શોભાવનાર મોહનસિંહ રાઠવા કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા હતા. જયારે આ સમાચારની શ્યાહી પણ નથી સુકાઈ ત્યારે તલાળાના કોંગ્રેસના ધારાસભ્ય ભગાભાઈ બારડે કોંગ્રેસમાંથી રાજીનામુ આપી ભાજપમાં જોડાયા છે. ૨૪ કલાકમાં બે ધારાસભ્યોએ કેસરીયા ધારણ કરતા કોંગ્રેસની શાખમાં ધરખમ આંચકો આપ્યો છે અને હજુ પણ વધુ બે ધારાસભ્યો ભાજપમાં જોડાવવાની ચર્ચા રાજકીય ગલીયારાઓમાં ચાલી રહી છે. આગામી ત્રણ દિવસ પણ ઉત્તેજનાત્મક બની રહેશે.

એક સમયે જેનો દેશભરમાં દબદબો હતો તેવી કોંગ્રેસ પાર્ટીનો ગુજરાતમાં દેખાવ દિવસે દિવસે નબળો બની રહ્યો છે. ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણીમાં પાટીદાર આંદોલનને પગલે કોંગ્રેસને ફાયદો થયો હતો અને કોંગ્રેસની સીટ ૭૭ સુધી પહોંચી હતી. જોકે ૯૯ બેઠકો સાથે સત્તાનું સુકાન પોતાના હાથમાં રાખવામાં સફળ રહેલ ભારતીય જનતા પાર્ટીએ એક અલગ જ પ્રકારની રાજનીતિ શરૂ કરી કોંગ્રેસનો રકાસ કાઢી દીધો છે. ગત ટર્મમાં ચૂંટાયેલા ડઝનેક કોંગ્રેસી ધારાસભ્યોને જાતભાતની લોભામણી ઓફરો આપી કેસરીયા કરાવનાર ભાજપે ચૂંટણી ટાણે પણ આ રમત ચાલુ રાખી છે.

ભારતીય જનતા પાર્ટીનો દેખાવ ભલે ઉત્તર અને મધ્ય ગુજરાત શ્રેષ્ઠ રહ્યો હોય પરંતુ આદિવાસી બેલ્ટના મતદારોને પોતાની તરફેણમાં કરવાના પ્રયાસો પૂર્ણપણે સફળ રહ્યા નથી. પાછલી સરકારોએ આદિજાતિ વિકાસ માટે કરોડોનું બજેટ ખર્ચ્યુ અને અનેક યોજનાઓ બનાવી પરંતુ કોંગ્રેસની આ મજબૂત મતબેંકને પોતાની તરફેણમાં કરવામાં નિષ્ફળ જ રહી. આદિજાતિ ક્ષેત્રમાં આવતી ૨૭ બેઠકો પર કોંગ્રેસની સ્થિતિ ખૂબ મજબૂત રહી છે.

૨૦૧૭માં આદિવાસી બેઠકો પૈકી ૧૫ કોંગ્રેસને અને ૯ ભાજપને મળી હતી. આ ક્ષેત્રમાં પોતાની પકડને મજબૂત બનાવવા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ વિસ્તારમાંથી જ પોતાનુ પ્રચાર અભિયાન શરૂ કર્યુ હતુ. જો કે એ વખતે જ ચર્ચા જાગી હતી કે આદિવાસી મતોને અંકે કરવા ભાજપ આ વિસ્તારમાં મોટો તોડ કરી શકે છે. આખરે પક્ષના સૌથી વરિષ્ઠ ધારાસભ્ય મોહનસિંહ રાઠવાને કેસરીયો ધારણ કરવામાં સફળ રહ્યા. કહેવાય છે કે દિલીપ સંઘાણીએ આ સમગ્ર ખેલ પાર પાડ્યો. મોહનસિંહ રાઠવાએ પોતાના પુત્ર માટે ટીકીટની માંગણી કરી હતી પરંતુ કોંગ્રેસે તેમની આ મુરાદ બર ન લાવતા આખરે પુત્રપ્રેમમાં તેમણે કોંગ્રેસને અલવિદા કહેવાનો મનસૂબો ઘડી લીધો. ભાજપને આ પગલાંથી પોતાની પકડ આદિવાસી ક્ષેત્રમાં મજબૂત બનતી જણાય છે. હજુ બે ધારાસભ્યો કેસરીયો ધારણ કરવા કતારમાં જ ઉભા છે.

## @-ઈલેક્શન

- કોંગ્રેસના પ્રતાપ દૂધાત, ગેનીબેન ઠાકોર અને પુનાભાઈ ગામીતે ઉમેદવારીપત્ર ભરવાની જાહેરાત કરી છે.
- કોંગ્રેસના વધુ ધારાસભ્ય ભાજપમાં ન જોડાય એ માટે સિનિયર આગેવાનો ડેમેજ કંટ્રોલમાં જોડાયા.
- મોડી સાંજે ભાજપની કેન્દ્રિય ચૂંટણી સમિતિની બેઠક મળતાં ગાંધીનગર સહિત ગુજરાતમાં અફવા બજાર ગરમ રહ્યું.
- આમ આદમી પાર્ટીના પ્રમુખ ગોપાલભાઈ ઈટાલીયા કતારગામ અને મહામંત્રી મનોજ સોરઠીયા કરંજ બેઠકના ઉમેદવાર તરીકે જાહેર થયા.
- મહુવાના બે કોંગ્રેસી અગ્રણીઓ પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ માટે સસ્પેન્ડ કરાયા.
- પૂર્વ સાંસદ સોમાભાઈ પટેલ ચોટીલામાંથી અપક્ષ ચૂંટણી લડશે.
- 'કમલમ્' ખાતે ચૂંટણી કેમ્પેઈન અને સભાઓના આયોજન અંગે બેઠકોનો ધમધમાટ.
- ભાજપ યુવા મોરચાના રાષ્ટ્રીય અધ્યક્ષ તેજસ્વી સૂર્યા ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવી પહોંચ્યા છે.
- સતત બીજા દિવસે ભાજપના મોટા માથાની ટીકીટ કપાવાના પડીકા દિવસભર ચાલતા જ રહ્યાં.
- કચ્છ ભાજપના આગેવાન દેવેન્દ્રસિંહ જેઠવા કોંગ્રેસમાં જોડાયા.
- આમ આદમી પાર્ટીએ ૨૦ સ્ટાર પ્રચારકોની જાહેરાત કરી.
- મધુશ્રી વાસ્તવે વાઘોડીયા બેઠક પરથી જ ચૂંટણી લડવાની જાહેરાત કરી છે.
- "મરીશ તોય કોંગ્રેસમાં અને જીવીશ તોય કોંગ્રેસમાં" એમ વિપક્ષી નેતા સુખરામ રાઠવાએ મીડિયા સમક્ષ વાત કરી.
- કોંગ્રેસના વધુ બે ધારાસભ્યોના રાજીનામા એક-બે દિવસમાં પડશે તેવી જોરશોરથી ચર્ચા.
- આમ આદમી પાર્ટીએ વધુ ૧૨ ઉમેદવારોની યાદી જાહેર કરી.
- જામનગર ઉત્તરના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી હકુભા જાડેજાને હાઈકોર્ટે ઝટકો આપ્યો.
- પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ચૂંટણી લડવાની અનિચ્છા વ્યક્ત કરી.
- પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પણ ચૂંટણી લડવાનો ઈન્કાર કર્યો.

# જિલ્લાની પાંચ બેઠકો માટે ઓબ્ઝર્વર નિમાયા

### ત્રણ જનરલ ઓબ્ઝર્વર અને બે ખર્ચ ઓબ્ઝર્વર તેમજ એક એક્સેસ એબીલીટી ઓબ્ઝર્વર નિમાયા : ખર્ચ ઓબ્ઝર્વર આજે ગાંધીનગર આવી પહોંચશે : જનરલ ઓબ્ઝર્વર ૧૫મીએ આવશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકો પર ૩ જનરલ ઓબ્ઝર્વર, બે ખર્ચ ઓબ્ઝર્વર તેમજ અન્ય એક ઓબ્ઝર્વરની નિયુક્તી કરી દેવામાં આવી છે.

ખર્ચના નિરીક્ષક તરીકે આઈ.આર.એસ. કેડરના સંતોષકુમાર અને વી.એસ. નેગીની નિયુક્તી કરવામાં આવી છે. તેઓ કાલે સવારે ગાંધીનગર આવી પહોંચશે.

ગાંધીનગર આવી પ્રથમ કલેક્ટર સાથે અને ત્યારબાદ ખર્ચના નોડલ ઓફિસર અને તેમની ટીમ સાથે બેઠક કરશે.

ખર્ચ નિરીક્ષક તરીકે સંતોષકુમાર દહેગામ અને ગાંધીનગર (દ) તેમજ કલોલ વિધાનસભા માટે ફરજ બજાવશે. જ્યારે વી.એસ. નેગી ગાંધીનગર (ઉ) અને માણસા બેઠક માટે ફરજ બજાવશે.

જિલ્લાની પાંચ બેઠક માટે ૩ સામાન્ય નીરીક્ષકો મુકવામાં આવ્યા છે જે ૧૫મીએ અથવા ૧૬મીએ સવારે ગાંધીનગર આવી પહોંચશે. સામાન્ય નિરીક્ષક તરીકે રાજસ્થાન કેડરના રાજેશ યાદવ, છત્તીસગઢ કેડરના એસ. પ્રકાશ અને પી. દયાનંદને મુકવામાં આવ્યા છે. રાજેશ યાદવ ગાંધીનગર (ઉ) અને દહેગામ બેઠકના સામાન્ય નિરીક્ષક તરીકે, એસ. પ્રકાશ ગાંધીનગર (દ) બેઠકના સામાન્ય નિરીક્ષક તરીકે અને પી. દયાનંદ માણસા અને કલોલ બેઠકના સામાન્ય નિરીક્ષક તરીકે ફરજો બજાવશે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની પાંચેય બેઠકો માટે આજે જાહેરનામુ પ્રસિદ્ધ થશે

## આજથી જિલ્લાની પાંચેય બેઠકો પર ઉમેદવારીપત્ર ભરવાનો આરંભ થશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠકો માટેનું આજે વિધિવત્ જાહેરનામુ પ્રસિદ્ધ થશે અને તે સાથે જ આ જંગ માટેના ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ થશે.

જિલ્લામાં વિધાનસભાની પાંચેય બેઠકો પર ચૂંટણી અંગેની તૈયારીઓ સંપન્ન થઈ ગઈ છે. પાંચેય બેઠકો માટે આજે ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં ૫૦૦થી વધુ સ્થાનો પર આ નોટીસ જાહેર કરવામાં આવશે.

રાજ્યમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ બે તબક્કામાં યોજવાની જાહેરાત ચૂંટણી પંચે ૩જી નવેમ્બરના રોજ કરી હતી. ગાંધીનગર જિલ્લાની પાંચેય બેઠકો બીજા તબક્કામાં ચૂંટણી યોજવાની જાહેરાત કરાઈ હતી. આ દિવસથી ચૂંટણીની આદર્શ આચારસંહિતાનો અમલ શરૂ થઈ ગયો છે.

ગાંધીનગર જિલ્લામાં આજથી પાંચ વિધાનસભા મતવિભાગમાં ઉમેદવારી કરવા માંગતા ઉમેદવારોના ચૂંટણી ઉમેદવારી પત્રો ભરવાનો આરંભ થશે. ઉમેદવારી પત્ર તા. ૧૦ થી ૧૭મી નવેમ્બર, ૨૦૨૨ સુધી ( જાહેર રજા સિવાય) મળી શકશે. ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરી શકાશે. ઉમેદવારી પત્ર મેળવવાનો અને ભરાયેલ ઉમેદવારી પત્ર રજૂ કરવાનો સમય સવારના ૧૧.૦૦ થી બપોરના ૩.૦૦ કલાક દરમ્યાન રાખવામાં આવ્યો છે.

દહેગામ વિધાનસભા મતદાર વિભાગ માટેના ઉમેદવારી પત્ર ૩૪- દહેગામ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારી, ગાંધીનગર, પ્રથમ માળ, તાલુકા સેવા સદન, દહેગામ અથવા મદદનીશ ચુંટણી અધિકારી અને મામલતદાર, દહેગામ, મામલતદાર કચેરી, પ્રથમમાળ, તાલુકા સેવા સદન, દહેગામ સમક્ષ ઉપરોક્ત તારીખ અને સમય મર્યાદામાં રજૂ કરવાના રહેશે.

ગાંધીનગર (દ) વિધાનસભા મતદાર વિભાગ માટેના ઉમેદવારી પત્ર ૩૫- ગાંધીનગર(દ) વિધાનસભા મતદાર વિભાગ અને નાયબ કલેકટર સ્ટેમ્પ ટયુટી, ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૩૫- ગાંધીનગર(દ) વિધાનસભા વિભાગ અને તાલુકા વિકાસ અધિકારી, ગાંધીનગર નાયબ કલેકટર સ્ટેમ્પ ડયુટીની ચેમ્બર, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે ઉપરોક્ત તારીખ અને સમય મર્યાદામાં રજૂ કરવાના રહેશે.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતદાર વિભાગ માટેના ઉમેદવારી પત્ર ૩૬- ગાંધીનગર(ઉ)ના વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારી, ગાંધીનગર અથવા મદદનીશ ચૂંટણી અધિકારી ૩૬- ગાંધીનગર(ઉ) વિધાનસભા મતદાર વિભાગ અને મામલતદારશ્રી, ગાંધીનગર સમક્ષ પ્રાંત અધિકારીની કચેરી જિલ્લા સેવા સદન, બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર ખાતે ઉપરોક્ત તારીખ સમય મર્યાદામાં રજૂ કરવાનો રહેશે.

# નવા ગાંધીનગરમાં ઘરે ઘરે નર્મદાનું પાણી પહોંચાડાશે

### ટીપી-૭માં નવો સંપ બનાવાશે : રહેણાંકના પ્લોટને હેતુફેર કરાશે આગામી દિવસોમાં કામ હાથ ધરવા આયોજન કરાશે

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના નવ વિક્સિત વિસ્તારમાં ઘરે ઘરે પીવાનું પાણી પહોંચતું કરવા માટે વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન અને સમ્પના બાંધકામ માટે ટીપી સ્કીમ નંબર ૭માં આયોજન કરાયું છે જયારે ગુડા હસ્તકનો આ પ્લોટ રહેણાંક હેતુના વેચાણ માટેનો હોવાથી તેને હેતુ ફેર કરવા માટે પણ ગતિવિધિ હાથ ધરાશે . વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન, અન્ડર ગ્રાઉન્ડ સમ્પ તથા નેટવર્ક ઉભુ કરવાની યોજનાના ઝડપી અમલ માટે આયોજન કરાયું છે

નવા ગાંધીનગરમાં કુડાસણ, સરગાસણ, રાયસણ, વાસણા હડમતિયા, કોબા સહિતના વિસ્તારોમાં વિકાસ ની ગતિ તેજ છે જયારે વસતી પણ વધી છે . ત્યારે નવા વિસ્તારોમાં નર્મદાના પાણી પહોંચાડવા માટે

● અનુસંધાન પાન-૭ પર

# મેટ્રોના કામને પગલે ચ-માર્ગનો ટ્રાફિક સે.૭માં ડાયવર્ટ કરાયો








## સે.૭/૮ની ચોકડીથી ચ-૨ સર્કલ સુધીનો માર્ગ બંધ કરી દેવાયો : સે.૭ના આંતરિક રોડ પર એકાએક ટ્રાફિકનું ભારણ વધી જવા પામ્યું : ભારે વાહનોની અવરજવરથી અકસ્માતનું જોખમ વધતાં વસાહતીઓ પરેશાન

ગાંધીનગર, તા.૦૯

ગાંધીનગરમાં મેટ્રો રેલનું કાર્ય પ્રગતિમાં છે અને આ અંતર્ગત શહેરના કોબા હાઈવેથી માંડીને ચ-માર્ગ પર મેટ્રોના પિલ્લર ઉભા કરાઈને ટ્રેક બનાવાઈ રહ્યો છે. મેટ્રો રેલના કામને પગલે આજથી ચ-માર્ગ પર ચ-૩ સર્કલથી ચ-૨ સર્કલ તરફ જતાં માર્ગ પર સે.૭/૮ની ચોકડીથી ચ-૨ સર્કલ સુધીનો માર્ગ બંધ કરી દેવાયો છે અને આ રૂટ પરનો ટ્રાફિક સે.૭માં આંતરિત રીંગ રોડ પરથી સે.૭એથી ભારતમાતાના મંદિર થઈને રોડ નં. ૨ તરફ ડાયવર્ટ કરવામાં આવ્યો છે. આ કારણે ચ-માર્ગનો તમામ ટ્રાફિક હવે સે.૭માં થઈને પસાર થઈ રહ્યો છે જેના કારણે સે.૭ના આંતરિક રોડ પર એકાએક ટ્રાફિકનું ભારણ વધી જવા પામ્યું છે.

ચ-માર્ગ એ શહેરનો અત્યંત વ્યસ્ત ટ્રાફિક ધરાવતો મુખ્ય માર્ગ છે જેના પરથી અસંખ્ય ફોરવ્હિલર્સ સહિત એસટી બસો, ખાનગી લક્ઝરી બસો અને લોડીંગ વ્હિકલ્સની પણ દિવસરાત અવરજવર રહે છે. વળી, આ ટ્રાફિકમાં ભારે વાહનોનો પણ સમાવેશ થતો હોવાથી સેક્ટર-૭ના સાંકડા રીંગ રોડ પરથી પસાર થતાં સેક્ટરના વાહનચાલકો માટે પરેશાનીરૂપ બનવા સાથે વસાહતીઓ માટે પણ સમસ્યા ઉભી થવા પામી છે. સેક્ટરનો આંતરિક માર્ગ એટલો પહોળો ના હોવાથી તેના પરથી પસાર થતાં ભારે વાહનોને કારણે રીંગ રોડની આસપાસમાં રહેતાં રહીશો અને તેમના બાળકો તેમજ વડીલો માટે અકસ્માતનું જોખમ ખડું થવા પામ્યું છે. સેક્ટરના માર્ગો પરથી પસાર થતાં રાહદારીઓ, સાયકલ કે સ્કૂટર બાઈક સવારો માટે પણ અચાનક વધી ગયેલો ટ્રાફિક અડચણરૂપ બની રહ્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
VINAYAK 500 ટી.એમ.ટી. સળીયા

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# ચૂંટણી આચારસંહિતાના પગલે માળખાગત સુવિધાના કામો પર બ્રેક

### નવા મંજૂર થયેલા કામોનો વર્ક ઓર્ડર આપવામાં આવશે નહીં : પ્રગતિ હેઠળના કામો ચાલુ રહેશે

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લામાં મંજુર થઈ ગયેલા માળકાકીય સુવિધાના નવા કામો પર વિધાનસભાની ચૂંટણી આચાર સંહિતાના કારણે બ્રેક લાગી છે. જેમાં એવા કામોનો સમાવેશ છે, જેની ટેન્ડર પ્રક્રિયા પુરી થઈ ગઈ છે. પીવાના પાણી, ગટર લાઈન, રસ્તા અને સ્ટ્રીટ લાઈટના પ્રગતિ હેઠળના કામો ચાલશે, જયારે નવા વર્ક ઓર્ડર આપવાની પ્રક્રિયા હાથ ધરવામાં નહીં આવે.

પાટનગર યોજના વિભાગ, જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમજ ગુડા હસ્તકના જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારો માટે નર્મદા કેનાલ આધારિત પીવાના પાણી માટેના વ્યવસ્થાપન, ગંદા પાણીના નિકાલ માટેની ગટર લાઈન પાથરવા, ચોમાસા દરમિયાન તૂટી ગયેલા અને જેને ત્રણ કે પાંચ વર્ષ પહેલા ડામર કપાર્ટ કરવામાં આવી હોવાથી સમય મર્યાદા પુરી થવાથી ખસ્તા હાલ બની ગયેલા રસ્તાના કામ અને નવી સ્ટ્રીટ લાઈટ નાખવા માટે કરવામાં આવેલા આયોજન બાદ આવા કામોની ખર્ચ અંદાજ સહિતની દરખાસ્તો તૈયાર કરીને મંજુરી માટે રાજ્ય સરકારને મોકલવામાં આવી હતી. આવી દરખાસ્તોને સચિવાલય કક્ષાએથી મંજુરી પણ આપી દેવામાં આવી હતી. જેના અંતે વિવિધ તંત્ર દ્વારા ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી અને ઘણા કિસ્સામાં તેની કાર્યવાહી પૂરી પણ થઈ ગઈ હતી.

દરમિયાન કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત કરવામાં આવતા ટેન્ડર પ્રક્રિયા પુરી

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણી ખર્ચ માટેના શેડો રજીસ્ટરમાં મોંઘવારીની અસરોનો પડઘો પડ્યો

ગાંધીનગર, તા. ૯

મોંઘવારીની અસર ચૂંટણીમાં મતદારોની સરભરા માટે ઉમેદવારો દ્વારા થનારા ખર્ચ માટે નિયત કરાયેલા ભાવ-પત્રકમાં જોવા મળી રહી છે.

ચૂંટણી માટે ઉમેદવારના ખર્ચની મર્યાદા રૂ. ૪૦ લાખ નિયત કરવામાં આવી છે. અગાઉ આ મર્યાદા રૂ. ૨૮ લાખની હતી.

ચૂંટણી પંચે ઉમેદવારો દ્વારા થતા ખર્ચ પર નજર રાખવા માટે શેડો રજીસ્ટર બનાવ્યુ છે જેમાં વિવિધ ભાવો નિયત કરવામાં આવ્યા છે. જેમાં મોંઘવારીની અસરોનો પડઘો જોવા મળી રહ્યો છે.

ચા ના એક કપનો ભાવ રૂ. ૧૫ નિયત કરવામાં આવેલ છે. ૨૦૧૭ના ચૂંટણી જંગમાં આ ચાના કપની કિંમત રૂ. ૭ હતી આમ પાંચ વર્ષમાં ચાના કપની કિંમતમાં રૂ. ૮નો વધારો થયો છે. દૂધના કપનો ભાવ પણ રૂ. ૧૫ નિયત કરવામાં આવ્યો છે.

નાસ્તો જે સમર્થકોને પીરસવામાં આવે છે તેનો ભાવ એક ડીસના રૂ. ૨૦ નિયત કરવામાં આવ્યો છે. બટાટા પૌઆની એક ડીસનો ભાવ રૂ. ૨૫ તથા ઉપમાની એક ડીસનો ભાવ રૂ. ૨૫ નિયત કરવામાં આવેલ છે. મિનરલ વોટરની બોટલનો ભાવ રૂ. ૨૦ નિયત કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com